મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૨૧.૭ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૬૩ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં દિપાવલી પર્વ નિમિત્તે ખરીદીનો માહોલ

બજારોમાં નવા કપડાથી લઈ ઈલેકટ્રોનિકસ ચીજવસ્તુઓની ખરીદી માટે શહેરીજનોનો ધસારો : જેમ-જેમ દિપાવલી પર્વ નજીક આવશે તેમ બજારોમાં ખરીદીની જમાવટ જોવા મળશે

ગાંધીનગર, તા.૧૪

દિવાળી પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહયા છે. ત્યારે શહેરીજનો દિવાળીની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે. શહેરીજનો નવા કપડાની ખરીદી કરતાં જોવા મળી રહયા છે. કપડાની ખરીદીની સાથેસાથે ઈલેકટ્રોનિકસ ચીજવસ્તુઓની ખરીદી, પગરખાંની ખરીદી, ઘર સજાવટની ખરીદી શરૂ થઈ ચુકી છે. શહેરમાં આ તમામ ચીવજસ્તુઓની દુકાનોમાં ભીડ જોવા મળી રહી છે જેમ-જેમ દિવાળી નજીક આવી રહી છે તેમ તેમ ખરીદી કરવા શહેરીજનો બજારમાં નીકળી રહયા છે.

કોઈ વસ્તુ ખરીદવાથી આનંદ મળે છે સુખ, સંતોષ મળે છે. કોઈ પણ ખરીદીને આવનારના ચહેરા ઉપર પૈસા ખર્ચવાના બોજ કરતાં તે વસ્તુ ખરીદયાનો આનંદ વધારે હોય છે. શોપીંગનું સૌથી વધારે મહત્વ જો કે દિવાળીમાં જ છે. અત્યારે બજારોમાં સેલ.. સેલ.. છે. બાય વન ગેટ વન ફ્રી.. ૯૯૯/-માં ત્રણ જિન્સ એવા બોર્ડ લાગેલા છે. ઝીરો ટકા વ્યાજે વસ્તુઓ મળે છે. કારમાં લોન છે અને ઈલેકટ્રોનિકસના માર્કેટમાં સર્કીટ લાગી છે. દિવાળી એવું પર્વ છે કે સાવ સામાન્ય માણસ પણ કાંઈકને કાંઈક ખરીદે જ. એક વર્ગ છે જે લોકો જરૂરીયાતની વસ્તુઓ પણ જોખી-જોખીને લે છે.. જયારે બીજો વર્ગ છે જેમને ખ્યાલ છે કે જે વસ્તુ તેઓ ખરીદે છે તેમને કોઈ જરૂર નથી તેમ છતાં બસ શોખ છે. ટાઈમ પાસ કરવો છે.. કીટી પાર્ટીમાં ચર્ચા કરવી છે.. તેથી શોપીંગ કરવી છે. શોપીંગ તો એક કળા છે અને કોઈપણ મહીલા એમાં જન્મજાત કલાકાર છે.

કાલીદાસે ભારતની જનતા માટે કહયું હતું કે આ ઉત્સવપ્રેમી પ્રજા છે. એ કવિ હતા એટલે એમ કહયું. બાકી એવું કહી શકાય કે આ ઉત્સવઘેલી પ્રજા છે.. અને શા માટે ના હોય..? આટઆટલા ટેન્સન વચ્ચે તેને ફ્રેશ થવા, રીલેક્સ થવા કાંઈક તો જોઈએને..! કારણકે કોઈપણ ફેસ્ટીવલ જોઈ લો તેની સાથે જોડાયું છે શોપીંગ..! વાઉઉઉ.. શોપીંગ ફીર તો બડા મજા આયેગા.. યાર..!! મોલ મે જાયેંગે.., ઢેર સારી શોપિંગ કરેંગે.., પીત્ઝા ખાયેંગે ઔર ફિર વાપસ ઘર..! આ તો થયું આજનું કલ્ચર, પરંતુ શોપીંગ ખરીદી સદીઓ જુની વસ્તુ છે. શોપીંગ એવી પ્રવૃતિ છે જે કરવા માટે દરેક મહિલાને હોંશ હોય છે અને મોટાભાગના પુરૂષો તે કર્યા પછી ભાગ્યે જ હોંશમાં હોય છે!

શોપીંગ એટલે ઘણું બધું પરંતુ આખિરકાર શોપીંગ એટલે મજા જ મજા..! દરેક પર્વ પોતાનું અલગ શોપીંગ લઈને આવે છે.

ઓનલાઈન ખરીદીમાં આકર્ષક ઓફરો

ફ્લીપકાર્ટ, એમેઝોન, જીઓમાર્ટ જેવા અનેક ઉત્પાદનો ઉપર મોટા પ્રમાણમાં ડિસ્કાઉન્ટના પગલે ઓનલાઈન માર્કેટમાં ખરીદીમાં ધમધમાટ ચાલી રહયો છે. મોબાઈલ, કપડાં, કરીયાણાની ચીજવસ્તુઓ, પગરખાં જેવી ચીજવસ્તુઓમાં આકર્ષક ડિસ્કાઉન્ટ મળતા લોકો ધૂમ ખરીદી કરી રહયા છે.

કર્મચારીઓ ખરીદીના આયોજનમાં વ્યસ્ત બન્યા

ગાંધીનગર એટલે કર્મચારી નગર તરીકેની ઓળખ ધરાવતું નગર છે. અહીં કર્મચારી સંગઠનોએ દિપાવલી પર્વને લઈ વહેલો પગાર કરવામાં આવે તેવી માંગણી સરકાર સમક્ષ કરી હતી અને સરકારે પણ રાજકીય વ્યુહના ભાગરૂપે માંગ સ્વીકાર કરવા સાથે કર્મચારીઓને વિવિધ પેશગીઓ ઉત્સવોને લઈ આપવાનો નિર્ણય કર્યો છે. હવે ૧૭થી ૧૯ ઓકટોબર દરમ્યાન એડવાન્સ પગાર કરવામાં આવનાર હોવાથી ખરીદીના આયોજનોમાં કર્મચારીઓ વ્યસ્ત બન્યા છે. તો બીજી તરફ વેપારીઓ પણ નવા સ્ટોકને ભરવામાં વ્યસ્ત બન્યા છે અત્યારે બજારનો રૂખ જોતાં કપડા અને અન્ય ઘરવખરીની ચીજોની ખરીદીનો ટ્રેન્ડ વધુ છે.

આઈએઆરની ભૂતપૂર્વ વિદ્યાર્થીની દ્વારા વિશિષ્ટ સિધ્ધિ

ગાંધીનગર, તા.૧૪

ઈન્સ્ટિટયુટ ઓફ એડવાન્સડ રિસર્ચના ભુતપૂર્વ વિદ્યાર્થીની કુ.નિધિ ઝા દ્વારા શરૂ કરાયેલ સ્ટાર્ટઅપ બાયોપોટને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા લોન્ચ કરવામાં આવેલ ૭૫ સ્ટોરીઝ ઓફ ઈન્પીરેશન એન્ડ ઈનોવેશન ઈમ્પાવરીંગ વુમન સ્ટાર્ટઅપ ફોર આત્મ નિર્ભર ભારતમાં સ્થાન આપવામાં આવ્યું છે. વડાપ્રધાન મોદી દ્વારા નિધિ સાથે વાર્તાલાપ કરવા માટે આમંત્રિત કરાયેલા પસંદગીના લોકોમાં સમાવેશ થયો હતો અને

વડાપ્રધાન સાથે વંદે ભારત એકસપ્રેસમાં મુસાફરી પણ કરી હતી. તેમનું સ્ટાર્ટઅપ ઉત્કૃષ્ઠ તરીકે પસંદ કરાયેલ ૧૫ સ્ટાર્ટઅપ પ્રોજેકટમાંનું એક હતું. જેમાં કૃષિ કચરાને કન્ટેનર બાયોપોટસ બનાવવા માટે રૂપાંતરિત કરવામાં આવે છે જેમાં માઈક્રોબાયલ વનસ્પતિ હોય છે જે જમીનની ફળદ્રુપતામાં સુધારો કરે છે અને છોડને પેથોજેન્સ સામે રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. આઈએઆરની પૂર્વ વિદ્યાર્થીની નિધિની આ સિધ્ધિ બદલ યુનિ. પરિવાર આનંદની લાગણી અનુભવે છે.

આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની ઉડાન

આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીના ભાગરૂપે "સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ રિસર્ચ એન્ડ ઈનોવેશન ફેસ્ટિવલ" અંતર્ગત સરકારી પોલિટેકનિક, ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા તથા ઈનોવેશન માટે પ્રોત્સાહિત કરવા ''સ્ટાર્ટ-અપ ચર્ચા'' કાર્યક્રમમાં મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

સે-૭/એ વસાહત મંડળ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પૂર્વ મુખ્ય વન સંરક્ષક બી.એન. શ્રીવાસ્તવ અને આગેવાનો દ્વારા કોમન પ્લોટમાં વૃક્ષો વાવી ટ્રી ગાર્ડથી રક્ષિત કરવામાં આવ્યા હતા. વૃક્ષોના ઉછેર અંગેની જવાબદારી સર્વે વસાહતીઓ દ્વારા ઉપાડવામાં આવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વસાહતીઓ જોડાયા હતા.

શ્રી વરદાયિની માતા મંદિર રૂપાલના પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

શ્રી વરદાયિની માતાજી દેવસ્થાન સંસ્થાન ટ્રસ્ટ તથા સર્વે ગ્રામજનો દ્વારા વરદાયિનિ માતાજી મંદિરે તા.૨૨ થી ૨૬ ઓકટોબર દરમ્યાન પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને અનુરૂપ વિવિધ ઉછામણી કરવાની હોઈ તા.૧૬ ઓકટોબરને રવિવારના રોજ રાત્રે આઠ કલાકે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લોકલાડીલા કલાકાર રાજભા ગઢવી કલાકાર મંડળ સાથે પધારવાના હોઈ પ્રસંગનો લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જન્મદિને વધામણી

કૃપા મહેતા

ફોટોગ્રાફર એસોસિએશન ગાંધીનગર દ્વારા દિવાળી સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૧૪

નટરાજ રિસોર્ટ ખાતે દિવાળી સ્નેહમિલન નું આયોજન કરવામાં આવ્યું હતું. દિવાળી સ્નેહમિલનમાં ફોટોગ્રાફર્સ દ્વારા ક્રિકેટ મેચ રમાડવામાં આવી હતી ત્યાર બાદ મેગા હાઉસી ગેમ, ગ્રુપ ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં વિજેતા ને ૩૦,૦૦૦ સુધીના ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતાં.

કાર્યક્રમને સફળ બનાવામાં અલ્ટીમેટ ફિલ્મ સિટી વાત્રિકા, પૂનદરા દહેગામના આશિષભાઈ કલ્યાણી તથા કૌશિકભાઈ પટેલનો મુખ્ય સપોર્ટ રહ્યો હતો તથા સાથે ફોટોટુલ્સ ગુજરાત ફોટો સપ્લાયર અમદાવાદના કાંતિભાઈ, લોટસ ફોટોબુકના દશરથભાઈ, SRK ડિજિટલ લેબ અમદાવાદ - ફિક્સલ ફોટો ગુડ્સ ગાંધીનગર - નટરાજ ફોટો ગુડ્સ હિંમતનગર વગેરે મિત્રો તરફ થી હાઉસી ગેમ વિજેતા ને ગિફ્ટ આપવામાં આવી હતી તથા કાર્યક્રમમાં સપોર્ટર તરીખે કુમાર ફોટો ફ્રેમ કેતનભાઈ, ફ્રેમ્પિક્સના કૌશિકભાઈ ગઝ્ઝર, વસીમભાઈ કાદરી , ચંદ્ર ફોટો સ્ટુડિયોના સત્યનારાયણ શર્માજી, સિવાસ કાફેના દીપકભાઈ પટેલ વગેરે મિત્રોનો સાથ સહકાર મળ્યો હતો.

પીએચડીની ડીગ્રી મેળવતા ડૉ. કેવલ ત્રિવેદી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના જાણિતા એકેડેમીશિયન કેવલ ત્રિવેદીના કોઝ માર્કેટિંગના વિષય ઉપરના શોધ નિબંધને સરદાર પટેલ યુનિર્વસીટી દ્વારા પીએચડીની ડીગ્રી આપવામાં આવી છે. ડૉ. કેવલ ત્રિવેદી ગાંધીનગરની જાણીતી એડ્જ્યુકેશન એકેડેમી ચેમ્પ્સના ડાયરેક્ટર છે. નેશનલ, મલ્ટીનેશનલ ઈંડસ્ટ્રીઝ દ્વારા સામાજિક ઉત્કર્ષના ઉમદા હેતુ માટે નાણાકીય વ્યવસ્થાપન કરીને તેના વધુ યથાર્થ ઉપયોગના સંદર્ભમા ડૉ. કેવલ ત્રિવેદીએ કોઝ માર્કેટિંગ ઉપર ગહન અભ્યાસ કરીને તેમનો શોધ નિબંધ પ્રસ્તુત કર્યો છે. નિરમા યુનિર્વસીટીમાંથી ફાર્મસી ગ્રેજ્યુએશન બાદ લૉ ગ્રેજ્યુએશન કરીને ડૉ. કેવલે એમબીએનો અભ્યાસ પરિપૂર્ણ કર્યા બાદ કોઝ માર્કેટિંગના વિષય ઉપર તેમનુ શંશોધન કાર્ય વર્ષ ૨૦૧૮માં આરંભ્યું હતું. અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે, વર્તમાન વૈશ્વિક સિનારીયોમાં કોઝ માર્કેટિંગ મેનેજમેન્ટ ઝડપથી ઉભરતુ મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર છે. ડૉ. કેવલ ત્રિવેદીએ સરદાર પટેલ યુનિર્વસીટીના ગાઈડ ડૉ. રાજુ રાઠોડના માર્ગદર્શન હેઠળ તેમનુ સંશોધન કાર્ય સંપન્ન કરી પીએચડીની ડીગ્રી પ્રાપ્ત કરી છે.

આર.એન.પટેલ શાળાના ધો.૧ અને ૨ ના વિદ્યાર્થીઓ દ્વારા તિરૂપતિ ગાર્ડનની મુલાકાત

ગાંધીનગર, તા.૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.એન.પટેલ પ્રાથમિક શાળાના ધોરણ-૧ અને ૨ ના ૭૦ બાળકોને તાજેતરમાં વિજાપુર ખાતે આવેલ તિરુપતિ ગાર્ડન(ઋષિવન)ની મુલાકાત સાથે રાઈડ્સનો તથા ટ્રેનમાં બેસવાનો આનંદ માણ્યો હતો. વિદ્યાર્થીઓએ જુદી જુદી રાઈડ્સ જેવી કે ટ્રેન, એરોપ્લેન, કોલંબસ, થીજ બી, ડબલ્યુ વિલ, સિક્સ ડી થિયેટર વગેરેમાં બેસીને ખૂબ મજા કરી હતી અને પ્રકૃતિને પણ માણી હતી. સાથે સાથે બાળકોમાં સમૂહ ભાવના કેળવાય તે હેતુથી વિદ્યાર્થીઓએ સમુહ ભોજનનો આયોજન પણ કર્યું હતું. શાળાના શિક્ષકો બાળકોની સાથે રહીને મુલાકાત સંબંધિત માર્ગદર્શન પૂરું પાડી આ શૈક્ષણિક પ્રવાસથી બાળકોના જ્ઞાનમાં વધારો થયો હતો.

ચિલ્ડ્રન યુનિવર્સીટી ખાતે કેપેસીટી બિલ્ડીંગ પર સેમિનાર

ગાંધીનગર, તા.૧૪

તા. ૧૩/૧૦/૨૦૨૨ અને ગુરુવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની IQAC શાખા દ્વારા Capacity Building Programme on Accreditation Process શીર્ષક હેઠળ કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઊદ્ઘાટન સત્રમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદ પટેલ, યુનિવર્સિટીના કુલસચિવશ્રી તેમજ IQAC શાખાના અધ્યક્ષ ઊપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાકટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી, જે પછી ડૉ. જિજ્ઞેશ પટેલ દ્વારા કાર્યક્રમની આવશ્યકતા અને રૂપરેખા વિશે વાત કરવામાં આવી હતી. ત્યારબાદ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ દ્વારા અધ્યક્ષીય ઉદ્બોધન આપવામાં આવ્યું હતું, જેમાં તેમણે યુનિવર્સિટીમાં યુજિસીના NAAC મૂલ્યાકંન સંદર્ભમાં સમગ્ર સ્ટાફ વિચારે જેથી એ દિશામાં ઝડપી પ્રક્રિયા કરી શકાય એવી પ્રેરક વાત કરી હતી. વધુમાં, તેમણે એ વાત પર ભાર મૂક્યો હતો કે આ મૂલ્યાકંન પ્રક્રિયા યુનિવર્સિટીના ભાવિ વિકાસ માટે મહત્ત્વની છે, કેમ કે તેના થકી જ ભવિષ્યમાં આતંરાષ્ટ્રીય શૈક્ષણિક માનદંડોની બાબતમાં સંસ્થાની સ્થિતિ વધુ બહેતર કરવામાં સહાયતા મળશે. ત્યાર પછીનું સત્ર અભ્યાસક્રમના પાસાઓ પર પ્રોફ. બિ.ડી. ઢીલા દ્વારા લેવામાં આવ્યું હતું. પોતાના સત્રમાં તેમણે અભ્યાસક્રમ ડિઝાઈન અને વિકાસ, અભ્યાસક્રમઆયોજન અને અમલીકરણ, શૈક્ષણિક સુગમતા, અભ્યાસક્રમ સંવર્ધન, પ્રવાહી પ્રતિસાદ તંત્ર વગેરે અભિગમ પર વાત કરી હતી.

સ્માર્ટકિડ્સ નર્સરી સ્કૂલ દ્વારા સ્પોર્ટ્સ ડેનું આયોજન



સ્માર્ટકિડ્સ નર્સરી સ્કૂલ ગાંધીનગર દ્વારા ૧૪મીએ નર્સરી ક્લાસના બાળકો માટે સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટનો મુખ્ય ઉદ્દેશ્ય વિવિધ મનોરંજક મોટરસ્કિલ્લ ગેમ્સ અને સાથે મળીને કામ કરવા પ્રોત્સાહિત કરવાનો છે સાથે ટીમ વર્ક, નેતૃત્વ, ધૈર્ય, શિસ્ત, નિષ્ફળતાનો સ્વીકાર જેવા તમામ ગુણ કેળવાય અને સ્પોર્ટ્સ મેન શીપ ડેવલપ થાય તેવો હતો. આ ઈવેન્ટમાં બાળકો ઘણી જુદી જુદી રમતો જેવી કે બ્રિજ ટુ કલર બેલેન્સ, ધન ધના ધન ગોલ, લિટલ રેડ રાઈડિંગ હૂડ ખુબ જ જુસ્સાથી રમ્યા હતા અને ઈનામો જીત્યા હતા. આ ઈવેન્ટમાં આવનાર વાલીઓ પણ બાળકોને રમતા જોઈ ખુશ થયા હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.રબારી ગફુલભાઈ ખેંગારભાઈ ઉ.વ.૪૭, આદીવાડા
- સ્વ.વણઝારા ચંદુભાઈ ગોવિંદભાઈ ઉ.વ.૫૦, સે-૧૩, છાપરા
- સ્વ.પ્રજાપતિ કંકુબેન કાળીદાસ ઉ.વ.૮૪, સેકટર-૩

● રૂદ્રભૂમિ ●

- સ્વ.પટેલ સ્વાતિબેન છગનભાઈ ઉ.વ.૪૩, અડાલજ